# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 08-06-2024 Midday : 1.20 to 1.30
Day : SATURDAY National News

### આકાશવાણી સમાચાર ચૈતાલી શાહ વાંચે છે.

*************************************************

- ✓ આવતીકાલે યોજાનારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારંભને લઇને દિલ્હીમાં સઘન સુરક્ષા વ્યવસ્થા...શપથગ્રહણ સમારંભમાં આવશે અનેક દેશના વડાઓ ..
- ✓ નવી દિલ્હી ખાતે કોંગ્રેસ કાર્યકારી સમિતિની યોજાઇ બેઠક.. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને ખડગેની ઉપસ્થિતિમાં ચૂંટણીના પરિણામોની કરવામાં આવી સમીક્ષા
- ✓ દિલ્હી અને કેરળમા આગના બે અલગ અલગ બનાવોમાં દસના મોત ... જ્યારે અન્ય છ દાઝ્યાં ...
- ✓ ઇટીવી જૂથના સ્થાપક રામોજી રાવનું હૈદ્રાબાદમાં 87 વર્ષે નિધન.. રાષ્ટ્રપતિ , પ્રધાનમંત્રીએ અર્પી શ્રધ્ધાંજલી..
- ✓ ટી-20 વિશ્વકપની મેચમાં બાંગ્લાદેશે શ્રીલંકાને બે વિકેટ પરાજય આપ્યો.. અફઘાનિસ્તાને ન્યુઝિલેંડને હરાવીને અપસેટ સર્જ્યો

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SWEARING IN-WORLD LEADERS

રાષ્ટ્રપતિ મૂર્મુ રવિવારે સાંજે 7-15 વાગે રાષ્ટ્રપતિભવન ખાતે એનડીએ સંસદીય દળના નેતા નરેન્દ્ર મોદીને ત્રીજી વાર પ્રધાનમંત્રી પદનાં શપથ લેવડાવશે. શ્રી મોદીની સાથે અને તેમની સૂચિત કેબિનેટનાં કેટલાંક સભ્યો પણ શપશ લેશે.

અગાઉ, ગઇકાલે ભાજપ પ્રમુખ જેપી નડ્ડાના વડપણ હેઠળ એનડીએનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને મળ્યું હતું અને નરેન્દ્ર મોદીને ભાજપ સંસદીય પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢ્યા હોવાનો પત્ર સુપ્રત કર્યો હતો. એનડીએનાં ઘટક પક્ષોનો ટેકો ધરાવતા પત્રો પણ રાષ્ટ્રપતિને સુપ્રત કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમનાં મંત્રીમંડળની આવતી કાલે યોજાનારી શપથવિધી પ્રસંગે ભારતના કેટલાંક પડોશી રાષ્ટ્રોનાં વડાઓ પ્રતિષ્ઠિત મહેમાનો તરીકે હાજરી આપશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, નવી દિલ્હીમાં આયોજિત આ સમારોહમાં શ્રીલંકાના પ્રમુખ રાનિલ વિક્રમસિંઘે, માલ્દિવ્સના પ્રમુખ ડોક્ટર મોહમ્મદ મુઇઝ્ઝુ, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહમદ અફિફ અને બાંગલાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના ઉપસ્થિત રહે તેવી સંભાવના છે.

મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ કુમાર જુગનૌથ, નેપાળના પ્રધાનમંત્રી પુષ્પાકમલ દહાલ ‘પ્રચંડા’ અને ભુટાનના પ્રધાનમંત્રી ત્શેરિંગ ટોબગે પણ સમારોહમાં હાજર રહેશે.મંત્રાલયે જણાવ્યું હતું કે, આ નેતાઓ શપથવિધી સમારોહ ઉપરાંત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આવતી કાલે સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત ભોજન સમારોહમાં પણ હાજરી આપશે.

# Delhi Security for Shapath vidhi

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહને ધ્યાનમાં રાખીને રાજધાનીમાં સલામતીનો અભૂતપુર્વ બંદોબસ્ત કરવામાં આવ્યો છે. દિલ્હી પોલિસે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીને 9 અને 10 જૂન માટે નો ફ્લાય ઝોન જાહેર કર્યો છે. દિલ્હીના પોલિસ કમિશનર સંજય અરોરાએ આપેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે કે, શપથવિધી સમારોહ દરમિયાન દિલ્હીમાં પેરાગ્લાઇડર્સ, પેરામોટર્સ, હેંગ ગ્લાઇડર્સ, અનમેન્ડ એરિયલ વ્હિકલ્સ અને હોટ એર બલુન ઉડાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સમારોહને ધ્યાનમાં લઇને ત્રિસ્તરીય સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. રાષ્ટ્રપતિ ભવનની સલામતી માટે અર્ધસૈનિક દળોની પાંચ કંપની, રાષ્ટ્રીય સલામતી ગાર્ડના કમાન્ડો, ડ્રોન અને સ્નાઇપર તૈનાત કરવામાં આવશે.

સલામતી અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે સમારોહમાં સાર્ક દેશોનાં સભ્યોનાં વડાઓ પણ ઉપસ્થિત રહેવાના હોવાથી રાજધાની હાઈ એલર્ટ પર રહેશે.

એક વરિષ્ઠ પોલિસ અધિકારીનાં જણાવ્યા પ્રમાણે શપથવિધી રાષ્ટ્રપતિભવનની અંદર થવાની હોવાથી પરિસરની અંદર અને બહાર ત્રિસ્તરીય સલામતી ગોઠવવામાં આવશે.

બહારની બાજુ દિલ્હી પોલિસના જવાન, ત્યારબાદ અર્ધસૈનિક દળોનાં જવાનો અને અંદરની બાજુ રાષ્ટ્રપતિભવનની આંતરિક સલામતીનાં જવાન તૈનાત રહેશે. આજથી જ દિલ્હીની સરહદો પર તપાસ વધારી દેવામાં આવશે.

# HASINA-PM-SWEARING-IN

બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના નવા ચૂંટાયેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે નવી દિલ્હી જવા રવાના થયા છે.

તે આવતીકાલે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આયોજિત ભોજન સમારંભમાં પણ હાજરી આપશે. જે બંને નેતાઓ વચ્ચેના અંગત સંબંધને પ્રતિબિંબિત કરે છે.

# CHANDRABABU NAIDU

તેલુગુ દેશમ પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ એન ચંદ્રાબાબુ નાયડુ 12 જૂને સવારે 11 વાગીને 27 મિનિટે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદનાં શપથ લેશે. વિજયવાડા પાસે શપથગ્રહણ સમારોહ યોજવામાં આવ્યો છે. સમારોહમાં એનડીએનાં વરિષ્ઠ નેતાઓ અને પડોશી રાજ્યોનાં મુખ્યમંત્રીઓ હાજર રહે તેવી સંભાવના છે.

2014માં વિભાજન બાદ અસ્તિત્વમાં આવેલા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શ્રી નાયડુ બીજી વાર મુખ્યમંત્રી બનશે. આંધ્રના મુખ્યમંત્રી તરીકે ચાર વાર શપથ લેનારા તેઓ પ્રથમ તેલુગુ વ્યક્તિ છે.

175 બેઠકોમાંથી એનડીએનાં ઘટક પક્ષો તેલુગુ દેસમ પાર્ટી,. જનસેના અને ભારતીય જનતા પાર્ટીએ 164 બેઠકો મેળવી છે.

# CWC MEETING

નવી દિલ્હીમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક મળી હતી. ચૂંટણીના પરિણામોની સમીક્ષા માટે યોજાયેલા આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા અને પાર્ટીના અન્ય નેતાઓ હાજર રહ્યાં હતા.

CWC ની બેઠકમાં તાજેતરની લોકસભા ચૂંટણીમાં પાર્ટીના પ્રદર્શનની સમીક્ષા કરી હતી. સીડબ્લ્યુસીની બેઠક સિવાય, કોંગ્રેસના સંસદીય દળની બેઠક પણ સાંજે યોજાશે જેમાં તમામ નવા ચૂંટાયેલા લોકસભા સાંસદો અને રાજ્યસભાના સાંસદો સામેલ થશે..

# Naxalites dead

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં શુક્રવારે સલામતી દળોએ એક અથડામણમાં સાત નક્સલવાદીઓને ઠાર માર્યા હતા. આ અથડામણમાં ત્રણ જવાનોને ઇજા થઈ હતી. આ સાથે આ વર્ષમાં રાજ્યમાં સલામતી દળો સાથેની વિવિધ અથડામણોમાં 122 નક્સલવાદીઓનાં મૃત્યુ થયા છે.

એક વરિષ્ઠ પોલિસ અધિકારીએ જણાવ્યું હતું કે, જિલ્લાના ઓરછા વિસ્તારનાં ગોબેલ ગામ પાસેનાં જંગલમાં સલામતી કર્મચારીઓની સંયુક્ત ટૂકડી નક્સલવાદ વિરોધી અભિયાન ચલાવી રહી ત્યારે આ અથડામણ શરૂ થઈ હતી. ગોળીબાર બંધ થયા પછી ઘટનાસ્થળેથી પાંચ નક્સલીઓનાં મૃતદેહ અને કેટલાંક શસ્ત્રો મળી આવ્યા હતા. આ અથડામણમાં સલામતી દળનાં ત્રણ જવાનોને પણ ઇજા થઈ હતી.

# Delhi fire in Factory

દિલ્હીનાં નરેલા ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી એક ફેક્ટરીમાં આજે વહેલી સવારે ફાટી નીકળેલી ભીષણ આગમાં છ વ્યક્તિનાં મૃત્યુ થયા છે અને છ વ્યક્તિને ઇજા થઈ છે.

આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં અગ્નિશમન વિભાગે જણાવ્યું છે કે આજે વહેલી સવારે અમને ઘટના અંગે ફોન આવ્યો હતો અને 14 અગ્નિશમન વાહનોને તાત્કાલિક ઘટના સ્થળે મોકલવામાં આવ્યા હતા.

અધિકારીએ વધુમાં જણાવ્યું છે કે, ઇજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, પ્રથમ નજરે એવું જાણવા મળ્યું છે કે, મગની દાળની પીસવા માટે ઉપયોગમાં લેવાતા બર્નરને ગેસ પુરો પાડતી એક પાઇપલાઇનમાં ગેસ લીક થયા બાદ આગ શરૂ થઈ હતી. કોમ્પ્રેસર વધુ પડતું ગરમ થવાથી વિસ્ફોટ થયો હતો.

# Heat wave in May

દેશનાં મોટા ભાગનાં વિસ્તારોમાં મે મહિનામાં અત્યાર સુધીની સૌથી વધુ ગરમી પડી હતી. એક અભ્યાસ મુજબ મે મહિનામાં તાપમાન અગાઉનાં હીટવેવની તુલનામાં 1.5 ડિગ્રી વધુ રહ્યું છે. ખાસ કરીને અલ નિનો અને હાનિકારક ગેસનાં ઉત્સર્જનને કારણે ગરમીમાં સૌથી મોટો ઉછાળો નોંધાયો છે.

હવામાન વૈજ્ઞાનિકો અને સંશોધકોનાં સ્વતંત્ર જૂથ ક્લાઇમા મીટરે 1979થી 2001ના હીટવેવની સરખામણી 2001થી 2003નાં હીટવેવ સાથે કરી હતી.

ઉલ્લેખનીય છે કે વિશ્વભરમાં અત્યારે અલ નિનો અને જળવાયુ પરિવર્તનને કારણે અતિશય ગરમી અને ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

# KERALA FIRE

કેરળમાં આજે વહેલી સવારે અર્નાકુલમ જિલ્લામાં અંગમલાય ખાતે એક ઘરમાં આગ લાગતાં એક જ પરિવારનાં ચાર સભ્યોનાં મૃત્યુ થયા છે, જેમાં બે બાળકીઓ અને તેમની માતાનો સમાવેશ થાય છે. પોલિસનાં જણાવ્યા પ્રમાણે આગની પાછળ શોર્ટ સરકિટ જવાબદાર હોવાની શંકા છે.

# MID BREAK- NEWS

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

..................................................

# RAMOJI RAO

ઈનાડુ ગ્રૂપના સ્થાપક અને મીડિયામાં અગ્રણી રામોજી રાવનું આજે સવારે હૈદરાબાદમાં નિધન થયું છે. તેઓ 87 વર્ષના હતા. તેમની તબિયત બગડતા તેમને નાનકરામગુડા ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતાં..જ્યાં તેમણે આજે વહેલી સવારે અંતિમ શ્વાસ લીધા હતા..

રામોજી ફિલ્મ સિટીમાં તેમના નિવાસસ્થાને તેમનો નશ્વર દેહ રાખવામાં આવ્યો છે જ્યાં મોટી સંખ્યામાં તેમના શુભચિંતકો, પરિવારજનો  અને પ્રશંસકો શ્રધ્ધાંજલી અર્પી રહ્યાં છે.. રામોજી રાવ ઈનાડુ ગ્રુપ, રામોજી ફિલ્મ સિટી, માર્ગદર્શી ચિટ ફંડ્સ અને પ્રિયા ફૂડ્સ સહિત અસંખ્ય વ્યવસાયોનું સંચાલન કરવા માટે જાણીતા હતા.

તેમના નિધન પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દુઃખ વ્યક્ત કરીને .. રામોજી રાવના મીડિયા અને ફિલ્મ જગતમાં બહુમુલ્ય યોગદાનને યાદ કર્યું હતું.. જ્યારે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ મીડિયામાં અગ્રણી વ્યક્તિ અને ઈનાડુ જૂથના સ્થાપક રામોજી રાવના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી. મોદીએ કહ્યું કે શ્રી. રાવ એક સ્વપ્નદ્રષ્ટા હતા જેમણે ભારતીય મીડિયામાં ક્રાંતિ લાવી હતી. તેમણે કહ્યું કે શ્રી. રાવના સમૃદ્ધ યોગદાને પત્રકારત્વ અને ફિલ્મોની દુનિયા પર અમીટ છાપ છોડી છે. શ્રીમાન. મોદીએ ભારતના વિકાસ માટે રામોજી રાવના જુસ્સાને બિરદાવ્યો હતો. આ ઉપરાંત કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પણ રામોજી રાવને શ્રધ્ધાંજલી અર્પી હતી..

# REV.-T-20-MATCH

અમેરિકાના ટેક્સાસના ગ્રાન્ડ પ્રેરી સ્ટેડિયમમાં આજે સવારે ICC ક્રિકેટ મેન્સ T-20 વર્લ્ડ કપમાં બાંગ્લાદેશે શ્રીલંકાને બે વિકેટથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ 20 ઓવરમાં 9 વિકેટે 124 રન બનાવ્યા હતા. જવાબમાં બાંગ્લાદેશે 19 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 125 રન બનાવીને જીત મેળવી હતી.

અન્ય એક મેચમાં અફઘાનિસ્તાને ન્યૂઝીલેન્ડને 84 રને હરાવીને અપસેટ સર્જ્યો હતો. ગયાનાના પ્રોવિડન્સ સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને 20 ઓવરમાં 6 વિકેટે 169 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની આખી ટીમ 15 ઓવર અને 2 બોલમાં 75 રનમાં સમેટાઈ ગઈ હતી.

અમેરિકાના ન્યુયોર્કમાં નાસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ગઈકાલે રાત્રે કેનેડાએ આયર્લેન્ડને 12 રને હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા કેનેડાએ 20 ઓવરમાં 7 વિકેટે 137 રન બનાવ્યા હતા. જવાબમાં આયરિશ ટીમ સાત વિકેટે 125 રન જ બનાવી શકી હતી.